# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગરમી પ્રકોપ

## કુલ્ફીના ધંધાવાળાઓએ તૈયારીઓ આરંભી : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પંખા-એસી શરૂ થતાં વિજ વપરાશમાં વધારો, ઉનાળાના આરંભથી જ વિજ ફોલ્ટનો રોગ લાગુ : ઉનાળો શરૂ થતાં દેશી માટલાંની માંગમાં વધારો

બાયડ તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગરમી પ્રકોપ હાવિ થઈ રહ્યો છે ત્યારે સીઝનેબલ ધંધાવાળાઓ હવે પ્રજાને ઠંડક આપતા પીણાઓનો ધંધો શરૂ કરવા કમર કસી છે. કુલ્ફીના ધંધાવાળાઓએ તૈયારીઓ શરૂ કરી દેતાં ટૂંક સમયમાં જ બરફની ફેક્ટરીઓ પણ દિવસ-રાત ધમધમતી થઈ જશે.



જિલ્લામાં આમ તો વર્ષના આરંભ સાથે જ શિયાળાના ઠુમકા અને ગરમીના અણસાર વર્તાતા હતા જેથી કેટલીક બરફ ફેક્ટરીઓએ જરૂરીયાત પ્રમાણે બરફનું ઉત્પાદન શરૂ કર્યું હતું. જિલ્લામાં હવે ફેબ્રુઆરીના મધ્યાંતર પછી તાપમાનનો પારો સતત ઉંચકાતાં અસહ્ય ગરમી અનુભવાઈ રહી છે. જિલ્લામાં દર વર્ષે ઠંડી કુલ્ફીનો કરોડોનો કારોબાર થતો હોય છે. બાયડ, ધનસુરા, મોડાસા, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, વિજયનગર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજમાં કુલ્ફીના ધંધાવાળાઓએ તૈયારીઓ શરૂ કરી દીધાનું જોવા મળ્યું હતું.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળાના આગમનથી વાતાવરણમાં બપોરે ગરમી અનુભવાતાં પંખા-એસીનો ઉપયોગ શરૂ થયો છે. વિજ ઉપકરણોના ઉપયોગથી બંન્ને જિલ્લામાં વિજ વપરાશ વધી જતાં શરૂઆતના દિવસોથી વિજ ફોલ્ટનો રોગ લાગુ પડતાં તંત્રની આગોતરી તૈયારીઓનો પર્દાફાશ થયો છે.



જિલ્લામાં વિજ તંત્ર કોઈને કોઈ રીતે પ્રજામાં અનમાનીતું બની રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીની સમસ્યા કાયમી બની રહી છે. દર વર્ષે ઉનાળામાં વિજ વપરાશ વધતો હોવાથી તંત્ર દ્વારા લાઈનોનું ચેકીંગ તેમજ વિજ ટ્રાન્સફર્મરોનું સમારકામ હાથ ધરાતું હોય છે અને જે વિસ્તારમાં નવા વિજ ટ્રાન્સફર્મર ઉભા કરવાની જરૂરીયાત જણાય ત્યાં વિજ લોડ ઘટાડવા નવાં ટ્રાન્સફર્મર ઉભાં કરાતાં હોય છે. જિલ્લામાં ઉનાળાનો આરંભ થઈ જતાં પંખા-એસી શરૂ થયા છે જેથી બંન્ને જિલ્લામાં વીજળીના વપરાશમાં વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં જેમ ગરમી વધશે તેમ વીજળીનો વપરાશ વધવાનો છે છતાં તંત્રએ કોઈ આગોતરી તૈયારીઓ કરી ન હોય તે રીતે વિજ ફોલ્ટ શરૂ થયા છે. જિલ્લામાં ગરમી અનુભવાતાં મકાનો તેમજ સરકારી કચેરીઓમાં પણ એસી અને પંખાનો વપરાશ વધી ગયો છે ત્યારે ઉનાળા દરમ્યાન કાળઝાળ ગરમીમાં વેરણ થતી વીજળીના બનાવોને ધ્યાનમાં રાખી વિજ તંત્ર વિજ લાઈનો તેમજ વિજ ટ્રાન્સફર્મરનું મરામત કામ હાથ ધરાવે તે ઈચ્છનીય છે. શરૂઆતના દિવસથી જ ગ્રામ્ય વિસ્તારોમાં ટ્રાન્સફર્મર ખોટકાઈ જવાથી માંડી ડીયો પડી જવાને કારણે ગમે ત્યારે વીજળી વેરણ થવા લાગી છે જ્યારે તંત્ર લોકરોષને ધ્યાનમાં રાખી કામગીરી હાથ ધરે તે જરૂરી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ધીમા પગલે ઉનાળાએ ડગ માંડતાં દેશી માટલાંની માંગમાં વધારો નોંધાયો છે. જિલ્લામાં ગરીબોનું ફ્રીજ ગણાતા દેશી માટલાંની માંગ વધતાંની સાથે જ ભાવ પણ વધી જતાં રૂા.૩૦ થી લઈને ૮૦ સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. જેમ ગરમી વધશે તેમ દેશી માટલાંની વધુ માંગ નિકળશે તેવું માટલાંના વિક્રેતા જણાવી રહ્યા છે.

જિલ્લામાં ધીમે ધીમે તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે જેના કારણે પ્રજાજનો ગરમીથી અકળાઈ રહ્યા છે. ઉનાળામાં ભારે ગરમીના કારણે ઠંડુ પાણી પીવાની ઈચ્છા વધી જતી હોય છે. હાલના સમયમાં શહેરી વિસ્તારોમાં દરેક ઘરમાં ફ્રીજની સુવિધા હોય છે તેમ છતાં ઉનાળામાં ફ્રીજના ઠંડા



પાણીને બદલે માટલાંનું પાણી વધુ પીવાનું પસંદ પ્રજા કરતી હોય છે જ્યારે સામાન્ય પરિવારના લોકો માટે દેશી માટલાં ફ્રીજ સમાન બની રહ્યાં છે. જેથી તેને મટકા ફ્રીજ પણ કહેવામાં આવે છે. જિલ્લામાં ઉનાળો શરૂ થતાંની સાથે જ દેશી માટલાંના વેચાણમાં ગરમી આવી છે. જિલ્લામાં ઠેકઠેકાણે રાજસ્થાની માટલાંનું વેચાણ શરૂ કરાયું છે પરંતુ સ્થાનિક પ્રજા દેશી માટલાં ઉપર પસંદગી ઉતારી રહી છે. ખાસ કરીને ભિલોડા તાલુકાના લીલછાનાં માટલાં ઠંડા પાણી માટે ખ્યાતિ પ્રાપ્ત બની રહ્યાં છે જેથી લીલછાનાં માટલાંની માંગ વધુ હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં ઉનાળાની સીઝનમાં માટલાંના ભાવમાં પણ વધારો થયો છે. જેમાં રૂા.૩૦ થી લઈ ૮૦ સુધીનો ભાવ વધારો થતાં ગરીબોનું ફ્રીજ ઉનાળાના પ્રારંભે મોંઘુ બની રહ્યું છે.

# જિલ્લાના અધિકારીની ખેરવાડા નજીકની હોટલમાં હનીટ્રેપ

## બાયડ પંથકના કોન્ટ્રાક્ટરે મળતિયાઓ પાસે હનીટ્રેપ કરાવ્યાની આશંકા

જિલ્લાના એક અધિકારીની રાજસ્થાનના ખેરવાડા નજીકની હોટલમાં ગત રવિવારે હનીટ્રેપ થયાની વિગતો સામે આવી છે. જેમાં બાયડ પંથકના કોન્ટ્રાક્ટરએ પોતાના ઈરાદાઓ પાર પાડવા હનીટ્રેપ કરાવ્યાની આશંકા છે. કામની ગુણવત્તા નેવે મૂક્યા પછી પોતાના પગતળે રેલો ન આવે તે માટે શૈતાની દિમાગ દોડાવી હનીટ્રેપમાં અધિકારીને ફસાવી દીધો છે. સંભવ છે કે હનીટ્રેપ અંગે થયેલી સનસનીખેજ વાતોની ઓડિયો ક્લીપ ટૂંકમાં બહાર આવી શકે છે.

અનેક કામોમાં વ્યાપક ગેરરીતિઓ આચરવામાં આવે છે. કેટલાંક કિસ્સાઓમાં અધિકારીઓ-કોન્ટ્રાક્ટરોની મીલીભગતના કારણે અત્યંત હલકી ગુણવત્તાના કામ થઈ રહ્યા છે. આ અંગે સ્થાનિકોમાંથી ફરીયાદ આવે એટલે ભ્રષ્ટ અધિકારી ફરીયાદ કરનારાના નામ કોન્ટ્રાક્ટરને જણાવી દે છે અને દામ-શામ-દંડથી તમામ વિગતો દબાવી દેવાના પ્રયાસ થતા આવ્યા છે. જિલ્લામાં હવે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની એક નવી જ સિન્ડીકેટ બની રહી છે. જેમાં અન્ય જિલ્લાના કોન્ટ્રાક્ટરો કામ કરવા ન આવે તેના પેતરાં રચાય છે. ઓનલાઈન ટેન્ડરીંગથી બહારના કોન્ટ્રાક્ટરને ટેન્ડર લાગે તો સ્થાનિમ મળતિયાઓને કામ મળવું જોઈએ તેવા આગ્રહ શરૂ થયા છે અને તેમાં ઉઘાડપગા કેટલાંક કોન્ટ્રાક્ટરો સફળ પણ રહ્યા છે. ત્યારે રંગીન મિજાજના એક અધિકારીની દુઃખતી નસ જાણી લઈને બાયડ પંથકના કોન્ટ્રાક્ટરે તેને સ્વરૂપવાન કન્યા સોંપી ખેરવાડા નજીકની હોટલમાં ઐયાશી માટેની તમામ વ્યવસ્થા કરી આપ્યા પછી કહેવાય છે કે અધિકારીને હનીટ્રેપમાં ફસાવી દેવામાં આવ્યો છે. બે દિવસ અગાઉ અધિકારીને કોન્ટ્રાક્ટર અને તેના મળતીયાઓએ અમે કહીએ તેમજ કરવાનું, અમે જે કોન્ટ્રાક્ટરોના નામ આપીએ તેમને કેવી રીતે હેરાન કરવા તે અંગેના એક કલાકના પાઠ ચા ની ચુસ્કી સાથે આપ્યાનું જાણવા મળ્યું છે અને રંગીન મિજાજી અધિકારીને તું મારી વાત નહિ માને તો સરકારી નોકરી કરતી તારી પત્ની આગળ ભાંડાફોડ કરીશું તેવી ધમકી આપ્યાનું પણ સાંભળવા મળ્યું છે. આજે નહિ તો કાલે અધિકારીની હનીટ્રેપનો વિડીયો જાહેર થઈ શકે છે કારણ કે કોન્ટ્રાક્ટરને તાબે થાય તો પોતે ઘરભેગો થાય તેવી સ્થિતિ છે.

# જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારોની ૧૯ ફેબ્રુઆરીએ એક દિવસની હડતાલ

## કોરોનામાં મૃત્યુ પામેલા દુકાનદારો તેમજ પડતર મુદ્દાઓ મુદ્દે નિશાન તાક્યું

બાયડ, તા. ૧૭

જિલ્લાના સસ્તા અનાજના ૮૦૦ થી વધુ દુકાનદારો તા. ૧૯ ફેબ્રુઆરીએ હડતાલ ઉપર જઈ શકે છે. રાજ્યમાં કોરોનાના કારણે ૩ દુકાનદારોના મોત નિપજ્યા પછી હજુ પણ સહાય મળી નથી તેમજ ગોડાઉનમાંથી મળતા માલમાં ઘટ તેમજ ચિંથરેહાલ બારદાનનો મુખ્ય મુદ્દો પણ તેમાં સમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં સસ્તા અનાજના દુકાનદાર એસોસીએશન દ્વારા પોતાની અનેક પડતર માંગો ઠેબે ચઢતી હોવાથી સરકાર અને પુરવઠા નિગમ સામે અગાઉ પણ નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. જ્યારે કમીશન મુદ્દે પણ તેમની નારાજગી હતી જે ગત મહિને દૂર કરવામાં આવી છે. પરંતુ સસ્તા અનાજના દુકાનદાર રાજ્ય એસોસીએશન દ્વારા જે દુકાનદારો કોરોનાના કારણે મોતને ભેટ્યા તેમને સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવી નથી તેમના પરિવારોને સહાય આપવામાં આવે અને સરકારી ગોડાઉનમાંથી દુકાનદારોને રેશનીંગનો જે જથ્થો આપવામાં આવે છે તેમાં ઘટ પડતી હોવા છતાં ઘટની કપાત આપવામાં આવતી નથી અને બારદાન પણ અત્યંત જર્જરીત થયેલા હોવાથી માલની હેરાફેરીમાં પણ નુક્સાન થઈ રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના દુકાનદારો પણ તા. ૧૯ ફેબ્રુઆરી શનિવારે એક દિવસની પ્રતિક હડતાલમાં જોડાઈ શકે છે.

# બાયડ તાલુકાના વાત્રક ગામ નજીકના વાત્રક પુલને પહોળો કરવાની માંગ

## સાંકળા પુલથી ટ્રાફીકની સમસ્યા વકરી વાહન નદીમાં ખાબકે તેવી ભીતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડ તાલુકાના વાત્રક પુલ ઉપર પસાર થતાં વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે છતાં પુલની પહોળાઈ ન વધારાતાં સામસામે વાહન પસાર થવામાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. ૧૫ મીટર પહોળા પુલની સંકળામણથી ગમે ત્યારે સાઈડ આપવા જતાં વાહન નદીમાં ખાબકે તેવી ભીતી છે ત્યારે તંત્ર પુલને પહોળો બનાવવાની દીશામાં કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી છે.

તાજેતરમાં રજૂ થયેલા બજેટમાં અનેક માર્ગોના નવીનીકરણ માટે કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. બાયડ તાલુકાના વાત્રક પુલ સાંકળો હોવાથી વાહન ચાલકો માટે શીરદર્દ સમાન હોવા છતાં પુલને પહોળો બનાવવાની કોઈ ગતિવિધિ થઈ નથી. વાત્રક પુલ ઉપર રોજ હજારો વાહનો પસાર થઈ રહ્યા છે જેના કારણે ગમે ત્યારે ટ્રાફીક જામ થઈ જતો હોય છે. સાંકળા પુલ ઉપર મોટા ભારવાહક વાહનોને પસાર થવામાં મોટી અડચણ થતી હોવાના કારણે ગમે ત્યારે મોટા હાદસાની ભીતી વ્યક્ત થઈ રહી છે. વાહનોની અવર જવરથી ધમધમતા પુલ ઉપર અકસ્માતોની હારમાળા રહેતી હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ પુલને વધુ પહોળો કરવા માટે નિરસ બની જતાં ટ્રાફીકજામના કારણે સ્થાનિક રહીશો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. રાજ્ય સરકાર આગામી બજેટમાં માર્ગોના નવીનીકરણ માટે કરોડો રૂપિયા ફાળવવાની છે ત્યારે વાત્રક પુલને પહોળો કરવા માટે વિશેષ બજેટની જોગવાઈ કરે તેવું અરવલ્લી જિલ્લાની પ્રજા ઈચ્છી રહી છે.

# હિંમતનગરમાં નેત્રમ્ શાખાએ રીક્ષામાં ભૂલાયેલ મહિલાનો મોબાઈલ શોધ્યો

## નેત્રમ્ શાખાની ચકોર નજરથી ભૂલકણા મુસાફરોને રાહત

હિંમતનગરમાં નેત્રમ્ શાખાની ચકોર નજરથી વાહનોમાં સરસામાન ભૂલી જતા ભૂલકણા મુસાફરોને રાહત થઈ છે. તાજેતરમાં હાજીપુરા વિસ્તારની એક મહિલા રીક્ષામાં ૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન ભૂલી ગયા પછી નેત્રમ્ શાખાનો સંપર્ક કરતાં રીક્ષાચાલકને શોધી કાઢ્યા પછી નેત્રમની ટીમે મોબાઈલ ફોન શોધી મહિલાને પરત કર્યો છે.

હિંમતનગરના મોટાભાગના વિસ્તારોમાં નેત્રમ્ શાખાના સી.સી. ટીવી કેમેરાની બાજનજર ગોઠવવામાં આવી છે. જેના કારણે વાહનચોરી, ચેઈનસ્નેચીંગ, માલસામાનની ઉઠાંતરી સહિતના ગુનાઓ ઉકેલવામાં પોલીસને સફળતા



મળી રહી છે. આ ઉપરાંત વાહનોમાં પર્સ તેમજ મોબાઈલ ફોન ભૂલી જતા મુસાફરોને પણ નેત્રમ્નો ફાયદો થઈ રહ્યો છે. હિંમતનગરના હાજીપુર વિસ્તારમાં રહેતાં રાધાબેન ભૂરા તા.૧૨ના રોજ સાબરડેરીથી કોઈ કામ અર્થે હિંમતનગર આવ્યાં હતાં અને ત્યારબાદ એસ.ટી. સ્ટેશન વિસ્તારમાંથી હાજીપુર જવા માટે રીક્ષામાં બેઠાં દરમ્યાન તેમની મોબાઈલ ફોન રીક્ષામાં ભૂલાઈ ગયો. ઘરે પહોંચ્યા પછી મોબાઈલ ફોન ગુમ થયાનું જણાતાં મહિલાએ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અરજી આપતાં નેત્રમ્ શાખા એલર્ટ થઈ અને સી.સી. ટીવી ફૂટેજના આધારે રીક્ષા (નં. જી.જે.૦૧-સીયુ-૭૦૮૯)ને શોધી કાઢી રીક્ષા ચાલક પાસેથી મોબાઈલ ફોન મેળવી મહિલા મુસાફરને સુપ્રત કર્યો હતો.

# શક્તિપીઠ અંબાજી મંદિરના ચાચર ચોકમાં સિદ્ધપુરના શ્રી શકિત મંડળના ભજન કીર્તન

અંબાજી મંદિર ખાતે છેલ્લા ૭૫ વર્ષથી સિધ્ધપુરના ત્રણ પેઢીથી ચાલતા શ્રી શકિત મંડળ દ્વારા અંબાજી ખાતે આવેલ મુંબઈવાળી ધર્મશાળામાં મહાસુદ તેરસથી પૂનમ સુધી માતાજીને કાલા ઘેલા ભજનો ગઈ માતાજીની ભક્તિ કરે છે. શ્રી શકિત મંડળ દ્વારા મહાસુદ તેરસનાં દિવસે દિવસ દરમિયાન માતાજીના ભજન કરી સાંજના સમય કોટેશ્વર ખાતે સરસ્વતી નદીના ગૌમુખની પૂજન અર્ચન કરે છે ચૌદસનાં દિવસે સાંજે ગબ્બર ગોખ પર પગપાળા જઈને ધજારોહણ કરે છે ત્યાર બાદ પૂનમ દિવસે સાંજે સમગ્ર શહેરમાં માતાજીની સવારી નીકળી હતી. માતાજીના ચાચર ચોકમાં ગરબા ઘૂમી છે.

# ભિલોડા એસ.ટી. ડેપોમાં તસ્કરે મહિલા મુસાફરના ગળામાંથી સોનાનો દોરો ખેંચ્યો

## મુસાફરોની ભીડમાં ચેઈન સ્નેચરની કરામત

બાયડ, તા. ૧૭

ભિલોડા એસ.ટી. ડેપોમાં મુસાફરોની ભીડનો ફાયદો ઉઠાવી ચેઈન સ્નેચર મહિલા મુસાફરના ગળામાંથી રૂ. ૧ લાખની કિંમતનો સોનાનો દીરો ખેંચી ફરાર થઈ જતાં સનસનાટી મચી હતી. બનાવ અંગે ભિલોડા પોલીસે મહિલા મુસાફરની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

એસ.ટી. બસ મથકોમાં પોલીસ અદ્રશ્ય રહેતી હોવાથી ખિસ્સા કાતરૂ પછી હવે ચેઈન સ્નેચરીનો ઉપદ્રવ શરૂ થયો છે. ભિલોડા એસ.ટી. ડેપોમાં સી.સી. ટીવી કેમેરા ન હોવાના કારણે ડેપોમાં તસ્કરો અને ખિસ્સા કાતરૂના કાયમી ધામા છે. ઈડરની પ્રમુખ સોસાયટીમાં રહેતાં સુમિત્રાબેન જયકુમાર શાહ ભિલોડા ખાતે રહેતા તેમના ભાઈના ઘરે આવ્યા પછી તા.૧૪ના રોજ બપોરના સમયે ઈડર જવા માટે ભિલોડા એસ.ટી. ડેપોમાં આવ્યાં હતાં જ્યાં એસ.ટી. બસમાં ચઢવા જતા સમયે કોઈ તસ્કરે તેમના ગળામાંથી ૨ તોલા સોનાનો દોરો આંચકી ફરાર થઈ ગયો હતો. ગળામાંથી સોનાનો દીરો ખેચાતાં મહિલા મુસાફરે બુમાબુમ કરી હતી પરંતુ મુસાફરોની ભીડમાં ચેઈન સ્નેચર દોરો કાપી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ભિલોડા પોલીસ અજાણ્યા ચેઈન સ્નેચર વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. મહિલા મુસાફરના જણાવ્યા મુજબ ગળામાંથી સોનાનો દોરો કપાઈ ગયા પછી એસ.ટી. ડેપોના જવાબદારોનો સંપર્ક કરી ફૂટેજ જોવા જણાવ્યું હતું પરંતુ આશ્ચર્ય વચ્ચે એસ.ટી. ડેપોમાં સી.સી. ટીવી કેમેરા ન હોવાથી તસ્કરીનો ભેદ ઉકલાશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે.

# રાજ્યમાં લુપ્ત થતા ગીધનું સંવર્ધન સંરક્ષણ જરૂરી બન્યું

## સાબરકાંઠામાં ૧૦ વર્ષમાં ગીધની સંખ્યામાં માંડ ૩ નો વધારો : વર્ષ-૨૦૧૮ની વસતી ગણતરીએ જિલ્લામાં ૬૩ ગીધનો વસવાટ

બાયડ, તા. ૧૭

ગજરાતમાં ગીધની પ્રજાતિ નામશેષ થઈ રહી છે. ગીધ સંવર્ધન અને સંરક્ષણ માટે હવે ઠોસ પ્રયાસ જરૂરી બન્યા છે. સાબરકાંઠા જિલ્લામાં એકમાત્ર વિજયનગરના જંગલ વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગીધની સંખ્યામાં માંડ ૩ નો વધારો થયો છે. વર્ષ-૨૦૧૮ ની છેલ્લી વસતી ગણતરીમાં કુલ-૩ ગીધની હાજરી વન વિભાગના દફતરે નોંધાઈ છે. વન વિભાગ લુપ્ત થતા ગીધની પ્રજાતિને બચાવવા માટે સાચા અર્થમાં કટીબદ્ધ હોય તો દક્ષિણ ગુજરાતના કપરાડામાં વન વિભાગે ગીધ માટે જે પ્રકારે વલ્ચર રેસ્ટોરન્ટ શરૂ કરવાની તજવીજ કરી છે તે પ્રકારે સાબરકાંઠાના જંગલ વિસ્તારમાં પણ વ્યવસ્થા ગોઠવાય તો આગામી વર્ષોમાં ગીધની સંખ્યા વધારવાના પ્રયાસો રંગ લાવી શકે છે.

ગીધ પ્રજાતિ ઉપર અસ્તિત્વ ટકાવી રાખવાનો ખતરો હજુય ઉભો છે. કુદરતના સફાઈ કામદારનું બિરૂદ મેળવનાર ગીધની સંખ્યામાં ચોંકાવનારો ઘટાડો સમગ્ર રાજ્યમાં જોવા મળ્યો જેથી વન વિભાગે છેલ્લા કેટલાક સમયથી ગીધની સુરક્ષા અને સંવર્ધન માટે પ્રયાસ કર્યા પરંતુ તેમાં વધુ સફળતા મળી શકી નથી. કપરાડામાં વન વિભાગે નવો પ્રોજેક્ટ શરૂ કર્યો છે જેમાં ગીધ મોટાભાગે મૃત પશુઓનું માંસ આરોગતા હોવાથી હવે વલ્ચર રેસ્ટોરન્ટ ઉભું કરવામાં આવશે. ખોરાકની શોધમાં ઉડતા ગીધ વલ્ચર રેસ્ટોરન્ટમાં મૂકાયેલા મૃતદેહ જોઈ કાયમી ધોરણે વસવાટ કરે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં ૧૦ વર્ષ અગાઉ થયેલ ગીધની વસતી ગણતરી પછી સંવર્ધન માટેના પ્રયાસો ન બરાબર બની રહ્યા હોય તેમ માંડ ૩ ગીધની સંખ્યા વધી શકી છે. વિજયનગરના ગાઢ જંગલ વિસ્તારના અભાપુર પાસે ઉંચા ડુંગર ઉપર વન વિભાગની ગણતરીમાં પહાડી ગીધ નોંધાયાં છે. આગામી સમયમાં ગીધના સંવર્ધન માટે ખાસ પ્રોજેક્ટ અમલમાં મૂક્વામાં નહીં આવે તો સમખાવા પૂરતા બચેલા ગીધ પણ નામશેષ થઈ જાય તો નવાઈ નહીં હોય.

### ડાયક્લોફેનિક દવાએ ગીધ પ્રજાતિનો દાટ વાળ્યો...

રાજ્યમાં ગીધની પ્રજાતિ નામશેષ થતાં પારસી કોમને મૃતદેહના અંતિમ સંસ્કાર કરવાની મુશ્કેલી ઉભી થઈ છે. જાણકારોનું માનીએ તો ગીધ મોટાભાગે મૃત પશુઓનું માંસ આરોગતા હોય છે જેમાં પશુઓની સારવાર માટે આપવામાં આવતી ડાયક્લોફેનિક દવા મિશ્રિત માંસ આરોગવાથી ધીરે ધીરે ગીધની પ્રજાતિ નામશેષ થઈ રહી છે.

# તિક્ષ્ણ હથિયારથી આંખો ફોડી ઘાતકી હત્યા

## ઈડરના છાપરામાંથી મજૂરની લાશ મળ્યા પછી હત્યાનો ગુનો : છાપરામાં ખૂની ખેલ ખેલાવાનું રહસ્ય અકબંધ

બાયડ, તા. ૧૭

ઈડરની ગણેશવિલા સોસાયટી નજીક છાપરામાં ૪૮ વર્ષિય મજૂરની શંકાસ્પદ લાશ મળી આવતાં પોલીસે શરૂઆતમાં એડી નોંધી તપાસ શરૂ કરી પરંતુ મૃતકની બંને આંખો તિક્ષ્ણ હથિયારથી ફોડી ઘાતકી હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં ખૂલતાં આખરે પોલીસ દ્વારા અજાણ્યા હત્યારા સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. મૃતકની પત્નિ બહારગામ હતી જે સમયે છાપરામાં ખૂની ખેલ કોને અને કયા કારણોસર ખેલ્યો ?? તે રહસ્ય હજુ ધરબાયેલું રહ્યું છે.

તા.૧૨ના રોજ ઈડરના ગણેશવિલા સોસાયટી વિસ્તારમાં રહેતાં સીતાબેન કામોળના છાપરામાંથી પતિ નારસીંગ ભૂરસીંગ કામોળ(ઉ. ૪૮ વર્ષની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી જેથી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ દરમ્યાન મૃતકનાં પત્નિ બહારગામ હોવાથી જે તે સમયે પોલીસે અમોત દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા જેમાં મૃતકની બંને આંખો તિક્ષ્ણ હથિયારથી ફોડી નાખી હોવાનું જણાયું. પોલીસની તપાસ દરમ્યાન મૃતકનાં પત્નિએ ઘરે આવી અજાણ્યા ઈસમોએ કોઈપણ કારણોસર હત્યા કરી હોવાનું જણાઈ આવતાં પોલીસ ફરિયાદ આપી હતી જેમાં અજાણ્યા હત્યારાએ ઘાતકી રીતે મૃતકની બંને આંખો તિક્ષ્ણ હથિયારથી ફોડી નાખી મોતને ઘાટ ઉતાર્યાનું ખૂલ્યું છે. છાપરામાંથી હત્યા કરાયેલી મજૂરની લાશ મળી આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી સ્થળ તપાસ શરૂ કરી હતી જેમાં શરૂઆતમાં અમોત દાખલ કર્યા પછી હવે પોલીસે મૃતકની પત્નિની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધ્યો છે.